# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • સળંગ અંક : ૧૭૮ • તા.૦૬ નવેમ્બર થી ૧૨ નવેમ્બર ૨૦૨૧

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.





## શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

**નીશિથ આનંદ દંડ**

**જયંત વસનજી છેડા**

**રાજેન્દ્ર મણિલાલ ખોના**

**પ્રવીણ હંસરાજ લોડાયા**

**કીર્તિકુમાર ધનજી ધરમશી**

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


**અમારી વાત...** **સંપાદક સ્થાનેથી**

# શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓનું ઘડતર

સમય સાથે સતત બધુ જ બદલાય છે. બદલાતા સમય સાથે ચાલવા માટે આપણને પણ સતત બદલાવવું પડે છે. નિત નિત અપડે થતા રહેવુ જરૂરી છે અને ખાસ કરીને વિદ્યાર્થીઓને જ્ઞાન સમજ અને શિક્ષણ પદ્ધતિને અપડેટ કરતા રહેવુ જરૂરી છે.

એક દાખલો જોઈએ વર્ગમાં શિક્ષકએ વિદ્યાર્થીઓને સવાલ પૂછ્યો કે ભારતના વર્તમાન રાષ્ટ્રપતિ કોણ છે ? દરેક વિદ્યાર્થીઓ પોતાની સમજ, સૂઝ અને જ્ઞાન હતું એ રીતે જવાબ આપ્યો. પણ કોઈ સાચો જવાબ આપી શક્યા નહીં. ઘણાઓએ પ્રણવ મુર્ખજીનું નામ કહ્યું ત્યારે શિક્ષકએ કહ્યુ ''સૌના જવાબ ખોટા છે.'' વિદ્યાર્થી ઓ અચંબિત થઈ ગયા અને સઆશંકિત થઈ ટીચરને પ્રશ્ન ર્ક્યો કે ''અગાઉ તમોએ જ ભણાવ્યુ છે કે આપણા વર્તમાન રાષ્ટ્રપતિશ્રી પ્રણવ મુર્ખજી છે તો પછી અત્યારે કેમ ખોટું ? શિક્ષક વિદ્યાર્થીઓને સમજાવ્યુ કે'' આપણા દેશના રાષ્ટ્રપતિની ચૂંટણી દર પાંચ વરસે થાય છે. ક્યારે આગળના જ રાષ્ટ્રપતિ ફરી ચૂંટાઈ આવે તો ક્યારે અન્ય વ્યક્તિ ચૂંટાઈ આવે એટલે તમારો જવાબ સાચો હોવા છતાં વર્તમાનમાં આ પ્રશ્નનો જવાબ ખોટો કહેવાય.

આમ આવી રીતે પ્રત્યેક વિદ્યાર્થીએ દરેક રીતે અપડેટ રહીને પોતાનું જ્ઞાન સતેજ કરવું રહ્યું તો જ સાચો જવાબ તે આપી શકે. વિદ્યાર્થીઓને દરેક વિષયને જ્ઞાન મળે છે. માટે સરકારના શિક્ષણ વિભાગ દ્વારા વિવિધ વિષયો ભણાવાય એવો માળખો ગોઠવાયો છે. ઈતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન, નાગરિક શાસ્ત્ર, પર્યાવરણ જેવા વિષયો આમાં આવરી લેવાયા છે. ભાષા અને ગણિત તો આમાં હોવાની જ. બાળકના ઉચ્ચતર વિકાસ માટે આ બધા વિષયો જરૂરી છે.

આજનો યુગ સુપર ફાસ્ટ ટેકનોલોજી અને ઈલેક્ટ્રોનિક ગેજેટ વપરાશનો યુગ છે. શાળામાં ભણાવાતા વિષયો પૂરતાં નથી. પુસ્તકીયુ જ્ઞાન ભણાવવા કરતાં ટેકનોલોજીનું જ્ઞાન મળે એ ખાસ જરૂરી છે. પુસ્તકિયા શિક્ષણ ગોખીને પરીક્ષામાં સારા માર્કસ મેળવાની સ્પર્ધા થાય તેના કરતાં સમજણ શક્તિ વિકસે, આધુનિક વિજ્ઞાન દ્વારા જ્ઞાન મળે એવું જીવન ઉપયોગી અને વર્તમાન તથા ભવિષ્ય ઉજ્જવળ કરે એવા જ્ઞાન વર્ધક વિષયો હોવા જરૂરી છે. ઈતિહાસમાં પાણીપતનું યુદ્ધ, મોગલ કાળ, લોધી વંશ વિગેરેમાં ઈતિહાસની જાણકારી જરૂરી છે. પણ વ્યવહારમાં ઉપયોગી ખરેખર છે? એની ઉપર વિશદ ચર્ચા શિક્ષણ શાસ્ત્રીઓ એ કરી એનું તારણ રજૂ કરવું જોઈએ.

ટેકનો લોજીના આધુનિક યુગમાં પુસ્તકના જ્ઞાન સાથે કોમ્પ્યુટર, લેપટોપ, ઈન્ટરનેટ શું છે. તેની સમજ તેનો ઉપયોગ કરી જીવન વિકાસ થાય. દરેક રીતે ઉપયોગી થાય તેની પ્રાયોગિક કેળવણી મળે એ જરૂરી છે અને એજ ખરેખર ઉપયોગી જ્ઞાન સમજ શિક્ષણ છે. આજના જમાનામાં જરૂરી થઈ ગયેલા આ વિષયો જો શાળા કાળમાં દાખલ કરાય, તેનો સર્વાંગી શિક્ષણ બાળકોને મળતો થાય તો વિદ્યાર્થીઓને સાચી દિશા વિદ્યાર્થી કાળ દરમ્યાન મળી શકે. સાથો સાથ કાયદાઓની સમજ અપાયતો સજાગ અને જાગૃતિ નાગરિક તરીકે તેઓ સુજ્ઞ બની રહી શકે.

આજનો યુગ સ્પર્ધાત્મક પરીક્ષાઓનો યુગ છે. જેની તૈયારીઓ પણ શરૂઆતથી અપાતી થાય તો તેના મહાવરાથી વિદ્યાર્થીઓનું ઘડતર મજબૂત થાય.

– જય જ્ઞાતિમૈયા

# ઉત્સવોની ઉજવણી જીવનમાં ઉત્સાહ અને આનંદ ભરે છે

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

અંધકાર ઉપર અજવાસનો વિજય, અજ્ઞાન પર જ્ઞાનનો વિજય અને નિરાશા ઉપર આશાનો વિજય એટલે દીપોત્સવી પર્વ. ગત વર્ષ કરતા આ વર્ષની દિવાળી ઉમંગ, ઉત્સવ અને આનંદ સભર રહી એ હકીકત છે. આગલી સાલે કોરોનાના ધક્કાથી હકા બકા થયેલા સૌને દિવાળીનો આનંદ માણવાના હોશ ન હતા ને હોંશ પણ ન હતી. વેપાર ધંધાની આર્થિક માર, સગા સ્નેહી સ્વજન કે મિત્ર વૃંદમાંથી કોઈને ગુમાવ્યાનો શોક. આ સર્વે આઘાત શોકની પરિસ્થિતિમાં જૂનું વિક્રમ સંવત સમાપ્ત થવાનો આનંદ ન હતો કે ન રહ્યો હતો ઉત્સાહ નવા વિક્રમ સંવતને વધાવવાનો. સમય અને સંજોગો એ ઉત્સાહભરી લાગણીઓમાં ઓટ લાવી દીધી હતી.

ગત વર્ષ કરતાં આ વર્ષે પરિસ્થિતિ થોડી આશાજનક રહી. ઉત્સવો આપણો ઉત્સાહ વધારે છે. નવી આશા, પ્રગટાવે છે. જીવન જીવવા માટેના વિચારોમાં નવ સંચાર કરે છે. જીવનમાં ખુશી થવાની પળ દરેક સમયમાં શોધવી જોઈએ અને એ સાચવવી જોઈએ. દરેક પળ ખુશી ભરી રહે એ વિચાર કરવા જોઈએ. એવા પ્રયત્ન કરવા જોઈએ. નાના પ્રસંગોમાં કે નાની નાની વાતોમાં ખુશીઓ શોધી લેવી જોઈએ. કારણ કે જીવન દરમ્યાન એવા જૂજ પ્રસંગો આવે છે. જેમાં ખુશી અઢળક છલકે છે. આપણા આપ્તજનોની સંગાથે પ્રસંગો ઉજવવાથી પ્રસન્નતા અધિક મળે છે. બીજાઓની ખુશીઓથી દુ:ખી થઈ આપણે આપણા જીવનમાં ક્યારે પણ ખુશીઓ પ્રાપ્ત કરી શકતા નથી.

પ્રેમ અને ખુશી, સ્નેહ અને આનંદ, દિલનો ભાવ અને લાગણી સભર સ્વભાવ એ વ્યવહાર પરસ્પર હોય તો બંન્ને જણ ખુશ રહે છે. ધનની મહતા વધુ છે એ હકીકત છે તો પણ પ્રેમનો વ્યવહાર માણસ માત્રમાં પ્રાણ સંચાર કરે છે. ઉત્સવોનો હાર્દ પોતીકાઓ સાથેનો સંબંધ ગાઢ બનાવી સ્નેહ ગાંઠને મજબૂત બનાવવાનો છે. ઉત્સવના પાંચ સાત દિવસોનો આનંદ અને એનો મર્મ જો મનમાં ઊંડે ઉતરી જાય તો ખુશીઓની સંદૂક અખૂટ ભરાઈ જાય છે અને આવનારા અનેક દિવસો સુધી એનો ભાવ છલોછલ રહ્યાં કરે છે.

સૌ જ્ઞાતિજનો, તેમજ મહાજન, મંડળ, ટ્રસ્ટ, એકમને સંસ્થાઓના મોવડીઓને નવા વર્ષની શુભેચ્છા સાથે નૂતન વર્ષાભિનંદન, સાલ મુબારક.

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# નૂતન વર્ષ અવસરે સાહિત્ય દિવાકર અચલગચ્છાધિપતિ મહારાજ સાહેબનો શુભ સંદેશ તથા મહામાંગલિક



સાહિત્યદિવાકર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના પાવન મુખેથી વિક્રમ સંવત ૨૦૭૮ના પ્રારંભની પહેલી પ્રભાતે શુભ સંદેશ તથા મહામાંગલિકનું શ્રવણ કરી આપણે સૌ નવું વર્ષ પ્રારંભ મંગલમય અને શુકનવંત રીતે થાય એ માટે હેતલ ફોટો આર્ટ દ્વારા પ્રસ્તુત ૩૦.૨૮ મિનીટની ક્લીપ યુટયૂબ લિંક https://www.youtube.com/c/ShriKalaprabhsagarsurijiMS પરથી સાંભળી માણી શકાશે.

# દિવાળી કલ્પ પ્રવચન દિવાળી પર્વ નિમિત્તે મહારાજ સાહેબના મુખેથી માણવાનો અલભ્ય મોકો

શ્રી ક.દ.ઓ. જૈન સંઘ ભાંડુપમાં પ.પૂ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં પ.પૂ.ગુણવલ્લભસાગરજી મ.સા.ના મુખે દિવાળી પર્વ પ્રસંગે તા.૨ નવેમ્બર ધનતેરસના દિવસથી સવારે ૭.૩૦ થી ૮.૩૦ સમય દરમ્યાન પ્રવચન-વ્યાખ્યાન ઓનલાઈન પણ પ્રસારિત થયું જેનો શ્રવણનો લાભ આજે પણ સૌ લઈ શકે છે.

તા.૨ નવેમ્બર મંગળવારના પ્રવચન ૧.૧૭ કલાકની યુટયૂબ લિંક https://youtu.be/HCRPsygHrqc

તા.૩ નવેમ્બર બુધવારના પ્રવચન ૧.૩૮ કલાકના લિંક https://youtu.be/uvO-XYpVuPg

તથા દિવાળી પર્વ દિન ગુરૂવાર તા.૪ નવેમ્બરના ૧.૩૧ કલાકના પ્રવચનની યૂટ્યૂબ લિંક https://youtu.be/FyR2iEOd-nk પર જોઈ માણી શકાશે.

# શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનના મેનેજિંગ ટ્રસ્ટી પ્રવીણભાઈ લોડાયા રાયપુરની મુલાકાતે





શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનના મેનેજિંગ ટ્રસ્ટી પ્રવીણભાઈ હંસરાજભાઈ લોડાયા મુંબઈથી તા.૩૧ ઓક્ટોબર રવિવારના દિને રાયપુર નગરે પધારતા તેમનો પરિચય વિધિ કરાયો અને ઉમળકાભેર સ્વાગત કરાયું. તેમના આગમનથી સૌ ઉત્સાહિત ભાવનો અનુભવ કર્યો હતો.

# લગ્ન સંબંધી : યોગ્ય પાત્રની શોધ હવે સરળતાથી...

દરેક પરિવારમાં સંતાનોના સગપણ કરવું એ સમસ્યા બની ગઈ છે. આ માટે એકબીજા સાથેનો પ્રત્યક્ષ સંપર્ક ઓછું થઈ ગયું હોવાની સાથે બીજા અનેક કારણો પણ છે. આ સળગતી સમસ્યાના ઉકેલ કાજે પ્રાથમિક પહેલ રૂપે જ્ઞાતિમૈયા **લગ્ન સંબંધી** નામે વિભાગ શરૂ કરે છે. આમાં સહભાગી થવા જ્ઞાતિજનો એ પોતાના સંતાનની વિગત બાજુમાં આપેલ ગૂગલ લિંકના ફોર્મમાં વિગતવાર ભરી મોકલી આપશો જેથી આ વિગત નિ:શુલ્ક જ્ઞાતિમૈયામાં પ્રસિદ્ધ કરાશે.

**ફોર્મ ભરવા માટે અહીં ક્લીક કરો**

## શ્રી મુકેશભાઈ ભવાનજી લોડાયાની મોટી સિંધોડીના ટ્રસ્ટી તરીકે વરણી



ક.દ.ઓ. મોટી સિંધોડીના ટ્રસ્ટ બોર્ડમાં શ્રી મુકેશભાઈ ભવાનજી લોડાયાની ટ્રસ્ટી તરીકે સર્વાનુમતે વરણી કરાઈ છે. તેઓશ્રી ક.દ.ઓ. મહાજન મોટી સિંધોડીમાં ચેરમેન તરીકે, શ્રી ક.દ.ઓ. જૈન મહાજન મુંબઈના કારોબારી સભ્ય પદે તથા શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજનની બંધારણીય સમિતિના સભ્ય તેમજ પ્રિન્ટીંગ એસોસીએશન સહિત અનેકવિધ સંસ્થાઓ સાથે સક્રીય રીતે સંકળાયેલા છે અને ઉત્તમોત્તમ રીતે સેવા કાર્યો નિષ્ઠાપૂર્વક કરી રહ્યાં છે.

## Anumodana

**Sanjivani Case- 53 Jyotsnaben Laherchand Khona, Varadiya (Dombivali)**

| Lifetime Patron | Amount(Rs |
|---|---|
| Shri KDO Jain Gnati Mahajan, Raipur | 2,000.00 |
| Late Shri Kooverjibhai Harshi Lodaya , Rapar - Bhandup | 2,000.00 |
| **Individual Donations** | |
| Shri Anish Valji Momaya, Hubli | 21,000.00 |
| Shri Milan Maheshwari, Jakhau, Pune | 5,000.00 |
| Shri Hiren Somchand Shah (Lodaya), Vadodara | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Kolkatta | 1,000.00 |
| Late Shri Pramod Damji Khona, Jakhau - Thane | 1,000.00 |
| Shri Vijay Visanji Soni | 1,000.00 |
| Shri Hukamchand J. Dharamsey | 1,000.00 |
| Shri Nitin Raychand Sayla , Suthri - Dombivli | 500.00 |
| Shri Mehul Chandrakant Vinjhani ( Hefa ) | 500.00 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851

**Thank You Donors for your Generosity & Kindness**

# Anumodana

## Sanjivani Case- 52 Patient - Smt. Jayshree Nilesh Dand, Naliya (Dombivali)

| Uranium Patron | Donation (Rs) |
|---|---|
| Anantnathji Maharaj Jain Temple and its Sadharan Fund Trust | 11,000.00 |
| **Aadhar Stambh Patron** | |
| Shri. Narendrabhai Shamji Dand, Tera, Mumbai | 10,000.00 |
| **Lifetime Patron** | |
| Shri Dakshin Bharat KDO Jain Ekkam, Banglore | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Raipur | 3,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Deluxe LOGISTICS Pvt Ltd, Mr. Kirti Dhanji Dharamshi | 2,000.00 |
| Late Shri Kooverjibhai Harshi Lodaya , Rapar - Bhandup | 2,000.00 |
| Shri Pankaj Lakhmichand Dharamshi, Banglore | 1,000.00 |
| **Other Individual Donations** | |
| Smt. Sheela Bharat Dagha | 10,000.00 |
| Smt. Alpa Gautam Dharamshi, Banglore | 10,000.00 |
| Shri Milan Maheshwari, Jakhau, Pune | 10,000.00 |
| Shri Prashant Nayankumar Mota | 5,000.00 |
| Shri Naliyavashi Dombivali Mitra Mandal | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Naliya | 5,000.00 |
| Shri Hiren Somchand Shah ( Lodaya) , Vadodara | 5,000.00 |
| Shri Raichand Malshi Mota, Selam | 2,500.00 |
| Well Wisher-1 | 2,000.00 |
| Well Wisher-2 | 2,000.00 |
| Shri Kutchi Dasa Oswal jain Gnati mahajan, Kolkatta | 2,000.00 |
| Shri Kartik Mahendra Shah | 2,000.00 |
| Shri Rajendra U. Desai , Raichur | 1,100.00 |
| Well Wisher-3 | 1,000.00 |
| Smt. Neetaben Mahendra Poladia | 1,000.00 |
| Smt. Arunaben Chimanlal Nagda, Cochin - Mumbai | 1,000.00 |
| Shri Manilal Visanji Dharamshi, Banglore | 1,000.00 |
| Shri Hukamchand J. Dharamshi | 1,000.00 |
| Shri Hanskumar Laxmichand Chheda | 1,000.00 |
| Shri Paras B. Momaya | 1,000.00 |
| Late Shri Pramod Damji Khona, Jakhau - Thane | 1,000.00 |
| Well Wisher-4 | 500.00 |
| Shri Nitin Raychand Sayla, Suthri - Dombivli | 500.00 |
| Shri Mehul Chandrakant Vinjhani Hefa | 500.00 |
| Shri Kamlesh Khushalchand Poladia, Pachora | 500.00 |
| Shri Hardik Jayantilal Nagda | 500.00 |
| Shri Devansh Pomesh Momaya | 500.00 |
| Shri Chandresh Tokarshi Lodaya, Alleepey | 500.00 |
| Smt. Pratiksha Somchand Dand, Malkapur | 300.00 |
| Shri Rohit Jivraj Poladia | 250.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

# Anumodana

**Sanjivani Case- 54 Patient - Mr. Mahendra Shamji Dagha,Varadiya (Kothara)**

| Sapphire Patron | Donation (Rs) |
|---|---|
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli, Mumbai | 15,000.00 |
| **Aadhar Stambh Patron** | |
| Shri. Narendrabhai Shamji Dand, Tera, Mumbai | 10,000.00 |
| **Lifetime Patron** | |
| Shri KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Late Shri Kooverjibhai Harshi Lodaya, Rapar, Bhandup | 2,000.00 |
| Shri Laljibhai Velji Lodaya, Varapadhar, Dombivali | 1,000.00 |
| Smt. Sarlaben Lalji Lodaya, Varapadhar, Dombivali | 1,000.00 |
| **Other Individual Donations** | |
| Shri Daga Charitable Trust, Coimbatore | 50,000.00 |
| Shri Varadiya Jain Derasar Sadharan & Mahajan Fund Trust | 25,000.00 |
| Shri KDO Kutch Ekkam, Gandhidham | 12,000.00 |
| Shri Dnyanesh Chimanlal Dagha, Varadiya, Pune | 10,000.00 |
| Shri Motichand Lalji Khona, Naliya - Mulund | 10,000.00 |
| Smt. Sheela Bharat Dagha | 10,000.00 |
| Shri Milan Maheshwari, Jakhau, Pune | 10,000.00 |
| Smt. Chhaya Virendra Lodaya, Naliya, Mulund | 5,000.00 |
| Shri Deepak Gangajar Dagha, Varadiya, Mulund | 5,000.00 |
| Shri Moiz Pattawala, Jamnagar - Kandivali | 5,000.00 |
| Shri Manoj Laxmichand Kuruwa, Kuwait | 5,000.00 |
| Shri Premchand Bhai Mota | 2,500.00 |
| Shri Rajendra U. Desai ( Lapasiya ), Raichur | 2,500.00 |
| Well Wisher-1 | 2,000.00 |
| Well Wisher-2 | 2,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Kolkatta | 1,500.00 |
| Late Shri Pramod Damji Khona, Jakahu, Thane | 1,500.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey | 1,000.00 |
| Shri Ratilal Shamji Momaya ( Shah ), Varadiya | 1,000.00 |
| Shri Nitin Raychand Sayla, Suthri - Dombivali | 500.00 |
| Shri Kamlesh Khushalchand Poladia, Pachora | 500.00 |
| Shri Chandresh Tokarshi Lodaya, Alleppey | 500.00 |
| Shri Mehul Chandrakant Vinjhani ( Hefa ) | 500.00 |
| Well Wisher-3 | 500.00 |
| Shri Pomesh Hirachand Momaya | 500.00 |
| Shri Amit Devchand Jain | 201.00 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851

**Thank You Donors for your Generosity & Kindness**

# જિનેશ્વર ધામ હૈદરાબાદમાં નૂતન વર્ષ પ્રભાતે દ્વાર ઉદ્ઘાટન કરાયું











શ્રી અચલગચ્છ જૈન સંઘ જિનેશ્વર ધામ જિનેશ્વર ધામ હૈદરાબાદ સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી લક્ષ્યલીનાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં તા.૫ નવેમ્બર શુક્રવારના નૂતન વર્ષની નવલી પ્રભાતે દ્વાર ઉદ્ઘાટન, ગૌતમ સ્વામીનો રાસ તથા પૂજ્યશ્રી દ્વારા માંગલિકનો કાર્યક્રમ અદ્ભૂત ભક્તિભાવપૂર્વક થયો.

# ભુજોડીના વર્ધમાન નગરમાં મુમુક્ષોનું અભિવાદન કરાયું





કચ્છ પ્રદેશના પાટનગર ભુજ પરિસરના ભુજોડી નગરમાં વર્ધમાન નગર સંઘમાં પ.પૂ.આ.ભ.શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ની પાવન નિશ્રામાં દીક્ષાર્થી મુમુક્ષુ મહેન્દ્રભાઈ ફુરિયા, મુમુક્ષુ અમીબેન ફૂરિયા તથા મુમુક્ષુ દીપ ફૂરિયાનું ભાવપૂર્વક અભિવાદન સહ બહુમાન કરાયું.

# ગીતા સ્મૃતિ તીર્થની શિલારથની ભુજોડીના વર્ધમાન નગરે પધરામણી





નાલાસોપારા નગરે નિર્માણ થનાર ગીતા સ્મૃતિની શિલાઓની ભુજોડીના વર્ધમાન નગરે પધરામણી અવસરે અજોડ શાસન પ્રભાવક, ૨૧મા વર્ષીતપના તપોનિધિ, સૂરિમંત્ર પંચપ્રસ્થાન સાધક પ.પૂ.આ.ભ.શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. એ જિનાલયની શિલાઓ પર વાસક્ષેપ કર્યો ને જિનાલયનો કાર્ય શીઘ્રતાએ પરિપૂર્ણ થાય ને શીઘ્રતાએ પ્રાણ પ્રતિષ્ઠા થાય એવા આશીર્વાદ આપ્યા અને જિન શાસનના કાર્યની અનુમોદના કરી હતી.

માતુશ્રી હિરાકુંવરબેન નાનજીભાઈ ચાંપશી શાહ પરિવાર મેરાઉ એ શ્રેયાંસનાથ પરમાત્માના ત્રિશિખરીય જિનાલય નિર્માણનો સંપૂર્ણ લાભ લીધેલ છે.

વર્ધમાન નગર જૈન સંઘ તથા ચાર્તુમાસના મુખ્ય દાતા મૃદુલાબેન અરવિંદભાઈ વોરા પરિવાર દ્વારા રસિકભાઈ શાહ તથા નરેન્દ્રભાઈ નંદુનું બહુમાન કરાયું હતું.

આ પ્રસંગે રસિકલાલ શાહ પરિવાર દ્વારા જિનાલયના કર્મચારીઓનું બહુમાન કરી તેમના કાર્યની અનુમોદના કરી ભેટ સોગાદ અર્પણ કરાઈ હતી. કચ્છના જિનાલયોના ૭૫૨ કર્મચારીઓનું બહુમાન કરી તેઓની સેવાઓ અને કાર્યનિષ્ઠાને બિરદાવાશે. આ અવસરે ચિંતલભાઈ વોરા, દીપક લાલન, પ્રબોધ મુનવર, હીરાચંદ છેડા, મહેન્દ્ર લોડાયા, કિરીટ શાહ, દિલીપ મોતા, દર્શક શાહ, નેણશી શાહ, રોનિત શાહ તથા શ્રાવક શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.





# વડાલા સંઘમાં શ્રી સરસ્વતી પૂજન દ્વારા ધર્મ આરાધના કરાઈ





તા.૩૧ ઓક્ટોબર રવિવારના સવારે ૯ કલાકે શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘના આંગણે શ્રી સરસ્વતી પૂજનનું આયોજન પ્રસંગે પ.પૂ. સાધ્વીશ્રી હિતગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં ધર્મ આરાધના કરાઈ. નાના નાના બાળકોએ ખૂબજ ઉત્સાહપૂર્વક મા સરસ્વતીની ઉપાસના ભાવપૂર્વક કરી હતી.

# મુલુંડ અચલગચ્છ જૈન સમાજમાં હું જાગું એટલી જ વાર છે નાટિકા પ્રસ્તુત કરાઈ








શ્રી મુલુંડ અચલગચ્છ જૈન સમાજ, વાસુપૂજ્ય જિનાલય ઝવેર રોડ મધ્યે તા.૩૧ ઓક્ટોબર રવિવારના રોજ પ.પૂ.સાધ્વીશ્રી કલ્પપ્રિયાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી યોગરૂચિતાશ્રીજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં સંઘની ૬૦ જેટલી બહેનો અને નાના બાળકો દ્વારા અદ્દભૂત અભિનય સાથે હું જાગું એટલી જ વાર છે નાટિકા પ્રસ્તુત કરાઈ હતી. અભિનય અદાકારીના કામણ દ્વારા તેઓએ સૌને મંત્ર મુગ્ધ કર્યા હતા.

# સ્ટેટ લેવલ પાવર લિફ્ટીંગ ચેમ્પિયન ઘનિષ્ઠા મનિષ ધરમશીનું સ્વપ્ન છે આંતરરાષ્ટ્રીય સ્તરે દેશનું પ્રતિનિધિત્વ કરવાનું







નાની સિંધોડી-ડોંબિવલીની ઘનિષ્ઠા મનિષ ધરમશી મહિલાઓ માટે ટફ ગણાતી ગેમ પાવરલિફ્ટીંગમાં અનયાસે જોઈન્ટ થયા છે એમ કહીએ તો ખોટું નથી. માત્ર આઠ મહિના અગાઉ આ ખેલમાં પ્રવેશેલ ઘનિષ્ઠા ધરમશી કોરોના કાળ દરમ્યાન જિમનેષ્યિમ જોઈન કરેલ. ત્યારે ઉદેશ હતો કે પર્સનલ ફિટનેસ પ્રત્યે ધ્યાન આપવાનો. એ દરમ્યાન પાવર લિફ્ટીંગ કોચ સાથે તેમની મુલાકાત જિમમાં થઈ. ત્યારે તેમણે ઘનિષ્ઠાને સલાહ આપી કે તેનું બોડી સ્ટ્રકચર, મસલ્સ સ્ટ્રેન્થ અને ઓલ ઓવર રીતે તેમાં તે સફળ થઈ શકે એવું મંતવ્ય આપ્યું.



કોચનો અભિપ્રાય જાણી પાવરલિફ્ટીંગ માટે મન બનાવ્યું પણ એ માટે ઘરના વડીલોની મંજુરી જરૂરી રહે એ માટે ઘણી મથામણ કરવી પડી આખરે તેઓએ હામી ભરી અને પધ્ધતિસર કોચ અમોલ કુરૂસકર પાસેથી શરૂ કરી.

પાવરલિફ્ટીંગમાં સ્પોટ, બ્રેન્ચ અને ડેડ લિફ્ટીંગ ત્રણ તબક્કા હોય છે એમાં હાઈએસ્ટ વેઈટ લોડ કરે એ વિનર થાય છે. થાણા ડિસ્ટ્રીક્ટ બ્રેન્ચ પ્રેસ લિફ્ટીં ગમાં ૨ ગોલ્ડ પ્રાપ્ત કર્યા છે. સ્ટેટ લેવલની બ્રેન્ચ પ્રેસમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે. એ ઉપરાંત ડેડ લિફ્ટીંગ કોમ્પિટીશનમાં સિલ્વર મેડલ મેળવ્યો છે. હાલમાં ફૂલ પાવર ડિસ્ટ્રીક કોમ્પિટિશન થઈ હતી. જેમાં એક દિવસમાં સ્પોટ, બેન્ચ અને ડેડ લિફ્ટીંગ પર્ફોમન્સ કરવો પડે છે એમાં ગોલ્ડ મલ્યો છે આ સ્પર્ધામાં કુલ્લ ૨૪૭.૫ કિલો વેઈટ લિફ્ટ કરેલ અને આગળ સ્ટેટ લેવલ માટે સિલેક્ટ થયેલ છે આ પછી ચેટ કોમ્પિટીશન હતી જેમાં ઓલ ઓવર ચેટમાં ચોથો ક્રમાંક આવ્યો છે. હવે નેશનલ લેવલ માટેની તૈયારીઓમાં બિઝી છે. એશિયા લેવલ ચેમ્પિયન કોચ અમોલ સરની ગાઈડન્સમાં ડોંબિવલીમાં જ પ્રેક્ટીસ એરિયામાં ટ્રેનિંગ લે છે અને ભવિષ્યમાં આંતરરાષ્ટ્રીય સ્તરે દેશનું પ્રતિનિધિત્વ કરવાનું શમણું સેવે છે.

ઘનિષ્ઠાનું શિક્ષણ માસ મિડીયામાં બેચલર કરે છે અને એસ આઈ એ કોલેજ ડોંબિવલીની સ્ટુડન્ટ છે. ઝૂમ્બા ઈન્સ્ટ્રેક્ટર તરીકે પ્રશિક્ષણ આપતી હતી અને એ માટે સ્ટુડિયો સેટઅપ પણ કરેલ છે. જેમાં ઝૂમ્બા અને એચ આરની ટ્રેનિંગ બેચ વાઈઝ આપતી હતી. પણ પોસ્ટ લોકડાઉનમાં જિમ જોઈન કર્યા પછી તેનું એઈમ પાવર લિફ્ટીંગમાં આગળ વધવાનું રહ્યું છે. મહિલાઓ માટે ટફ ગણાતી આ ગેમમાં ઘનિષ્ઠા વધુને વધુ આગળ વધે અને પરિવાર જ્ઞાતિ તેમજ દેશનું નામ રોશન કરે એ શુભેચ્છા પ્રદાન કરીએ.

# અચલગચ્છાધિપતિ આચાર્ય શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.નો સંભવિત વિહાર કાર્યક્રમ

અચલગચ્છાધિપતિ આચાર્ય

## કલાપ્રભસાગરસૂરિ

આસો સુદ ૧૦ શુક્રવાર તા.15/10/2021

**ગુરુગુણસૂરિપદ્ધર, સંઘ કૌશલ્યાધાર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા અંજનશલાકા-પ્રતિષ્ઠા-ગૃહપ્રવેશ- ગણિવર્યપદવી તથા દીક્ષા પ્રસંગે અનુકૂળતા મુજબ નિશ્રા પ્રદાન કરશે.**

| ક્રમ | તિથિ | વાર | તારીખ | કાર્યક્રમ |
|---|---|---|---|---|
| 1. | કારતક વદ ૧ | શુક્રવાર | 19/11/2021 | ચાતુર્માસ પરિવર્તન લાભાર્થી-શ્રી અલ્પેશ નાનજી ગાંગજી હરિયા દેવપુર |
| 2. | કારતક વદ ૨ | શનિવાર | 20/11/2021 | જોગેશ્વરી-માતુશ્રી કેસરબેન ટોકરશી શીવજી સાવલા નવાવાસપરિવાર તરફથી શ્રી સિદ્ધચક્ર મહાપૂજન |
| 3. થી | કારતક વદ 3<br>કારતક વદ ૯ | રવિવાર<br>શનિવાર | 21/11/2021<br>27/11/2021 | શ્રી ગોરેગામ અચલગચ્છ જૈન સંઘ માં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુજી ની અંજનશલાકા પ્રતિષ્ઠા ગણિવર્ય દીક્ષા પ્રદાન પ્રસંગે નિશ્રા પ્રદાન |
| # | કારતક વદ ૪ | બુધવાર | 24/11/2021 | શ્રી કલીકુંડ પાર્શ્વનાથ તીર્થ શાંતાક્રુઝ પૂર્વ માં મૂળનાયક શ્રી આદિનો ઉત્થાપન<br>ગોરેગામમાં ૩ મુનિવરોને ગણિવર્ય પદવી,૪ મુમુક્ષુ ને પ્રવ્રજ્યા પ્રદાનોત્સવ |
| # | કારતક વદ ૧૧ | સોમવાર | 29/11/2021 | અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. ની ગણિવર્ય પદ તિથિ(સં.૨૦૪૦) |
| 5. થી | કારતક વદ ૧૨<br>કારતક વદ ૧૪ | મંગળવાર<br>ગુરુવાર | 30/11/2021<br>02/12/2021 | કોપરખેરણે શ્રી અચલગચ્છ જૈન સંઘ માં શ્રી મુનિસુવ્રતસ્વામિ જિનાલય પ્રતિષ્ઠા-ઉપાશ્રય ઉદ્દઘાટન<br>અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. ની ૫૩ મી દીક્ષા તિથિ (કારતક વદ ૧૩) |
| 6. | માગસર સુદ ૧ | શનિવાર | 4/12/2021 | શ્રી ટેમ્બીનાકા અચલગચ્છ સંઘ થાણા ના નૂતન વીરા ભવન માં અનુષ્ઠાન |
| 7. | માગસર સુદ ૨ | રવિવાર | 5/12/2021 | શ્રી ક.વિ.ઓ.દેરાવાસી જૈન સંઘ થાણા નું જય મંગલ ભવન નું ઉદ્દઘાટન |
| 8. | માગસર સુદ ૩ | સોમવાર | 6/12/2021 | શ્રી અચલગચ્છ સંઘ ભીંવડી સંચાલિત ઉપાશ્રય ઉદ્દઘાટન |
| | | | | |
| 10. | માગસર સુદ ૭ | શુક્રવાર | 10/12/2021 | શ્રી કલીકુંડ પાર્શ્વનાથ તીર્થ શાંતાક્રુઝ પૂર્વ માં મૂળનાયક શ્રી આદિની પ્રતિષ્ઠા |
| 11. થી | માગસર સુદ ૮<br>માગસર સુદ ૧૦ | શનિવાર<br>સોમવાર | 11/12/2021<br>13/12/2021 | ઘાટકોપર પૂર્વ માં સા.શ્રી લક્ષગુણાશ્રીજી મ.સા. ની ૧૦૦ મી વર્ધમાન ઓળી ના પારણાનો પ્રસંગ |
| 12. | માગસર સુદ ૧૧ | મંગળવાર | 14/12/2021 | શ્રી ચારકોપ અચલગચ્છ જૈન સંઘ મધ્યે શ્રી નમિનાથ જિનાલય નું ખાત મુહૂર્ત |
| 13. | માગસર સુદ ૧૨ | બુધવાર | 15/12/2021 | શ્રી કલીકુંડ પાર્શ્વનાથ તીર્થ શાંતાક્રુઝ પૂર્વ માં ત્રિશિખરી સાથે ત્રિ મંજલી ભવ્ય જિનાલય નું ખાત મુહૂર્ત |
| 14. થી | માગસર સુદ ૧૪<br>માગસર વદ ૧ | શુક્રવાર<br>રવિવાર | 17/12/2021<br>19/12/2021 | શ્રી રાવલપાડા અચલગચ્છ જૈન સંઘ માં શ્રી સુમતિનાથપ્રભુજી જિનાલય પ્રતિષ્ઠા |
| 15. થી | માગસર વદ ૨<br>માગસર વદ ૪ | સોમવાર<br>બુધવાર | 20/12/2021<br>22/12/2021 | શ્રી મલાડ અચલગચ્છ જૈન સંઘ માં શ્રી સુમતિનાથપ્રભુજી જિનાલય પ્રતિષ્ઠા-અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. નો ૬૯ મી જન્મતિથિ માગસર વદ ૨ સોમવાર |
| 16. | માગસર વદ ૭ | શનિવાર | 25/12/2021 | વસઈ |
| 17. | માગસર વદ ૮ | રવિવાર | 26/12/2021 | આગાશી - ભાંડુપ થી આગાશી તીર્થ છ'રી પાલક સંઘ ની સંઘમાળ |
| 18. | માગસર વદ ૯ | સોમવાર | 27/12/2021 | શ્રી નાલાસોપારા અચલગચ્છ જૈન સંઘ પૂર્વ |

અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. નું મુંબઈ થી ઉમરગામ - દહાણું - વાપી - અંકલેશ્વર - નવસારી - સુરત - વડોદરા - અમદાવદ - શંખેશ્વર - પાલિતાણા - કચ્છ - પાલિતાણા પ્રતિ વિહાર યાત્રા પ્રારંભ...

- વડોદરા માં જિનાલય રજત વર્ષ પંચાહ્નિકા મહોત્સવ પોષ - વદ ૨ બુધવાર **D.19 Jan 2022** થી પોષ - વદ ૬ રવિવાર **D.23 Jan 2022**
- અચલગચ્છ ના ઈતિહાસ માં પ્રથમવાર શંખેશ્વર તીર્થે મહુબાપા ભવને મહા - સુદ ૬ રવિવાર **D.6 Feb 2022** ના ૧૦૮ સજોડા સાથે અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાલીદેવી સહ તીર્થ અધિષ્ઠાયિકા શ્રી પદ્માવતી દેવી મહાપૂજન માં જોડાવા સંપર્ક કરશો.
- શંખેશ્વર તીર્થે મહુબાપા ભવને જિનાલય - દાદાવાડી અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ મહા - સુદ ૧૦ ગુરુવાર **D.10 Feb 2022** થી મહા - વદ ૩ શુક્રવાર **D.18 Feb 2022**
- સોનગઢ થી પાલિતાણા તીર્થ છ'રીપાલક સંઘ મહા - વદ ૧૪ મંગળવાર **D.1 March 2022** થી ફાગણ - સુદ ૩ શનિવાર **D.5 March 2022**
- કચ્છ માંડવી મુકામે દીક્ષા ફાગણ - વદ ૧૩ ગુરુવાર **D.30 March 2022**
- કચ્છ ૭૨ જિનાલયે સામુહિક ચૈત્ર માસ નવપદ આયંબિલ ઓળી
- **વિહાર માં સંપર્ક : રણછોડ ૮૩૬૯૩ ૮૦૬૯૦ - અજય ૮૬૯૦૦ ૮૮૦૩૮**


કાયમી સરનામું : શ્રી આર્ય-જય-કલ્યાણ કેન્દ્ર, ગુણ ભારતી માસિક કાર્યાલય

શ્રી ગૌતમ નિતિ ગુણસાગરસૂરિજી મેઘ સંસ્કૃતિ શ્રુત ભવન

103, મેઘરત્ન બિલ્ડિંગ, દેરાસર લેન, ઘાટકોપર (ઈ), મુંબઈ-400077. 83693 80690 70142 72895

Jainachary Shri Kalaprabhasagrsurij jainacharyshri Jainacharya Shri Kalaprabhsagarsuriji M.S.

# આદિનાથ જૈન ટ્રસ્ટ દ્વારા બે કેડીઓ મહિલાને ડિપ્લોમા ઈન જૈન વિદ્યાની ડિગ્રી અપાઈ

જલગામના માતુશ્રી ભાગ્યવંતીબેન હીરાચંદ શામજી મોમાયાની પુત્રી સૌ.સંગીતાબેન પૂર્વેશ દિનેશ લક્ષ્મીચંદ લોડાયા, નલિયા-યવતમાલએ આદિનાથ જૈન ટ્રસ્ટ દ્વારા લેવાયેલ ડિપ્લોમા ઈન જૈન વિદ્યા પરીક્ષામાં ૯૭% ગુણાંક મેળવી રાષ્ટ્રસ્તરે ૮મું રેન્ક પ્રાપ્ત કરી છે તથા નલિયા યવતમાલના જ સૌ.ઉર્મિબેન ઉદય ધરમશીએ ૯૫% ગુણાંક પ્રાપ્ત કરી ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે.


સંગીતાબેન


ઉર્મિબેન

તેઓ બંન્ને બહેનોનું કેડીઓ મહાજન યવતમાલ અને અચલગચ્છ કચ્છી જૈન સંઘ વતીથી જાહેર બહુમાન કરાયું અને તેમણે મેળવેલ સિધ્ધિ સફળતા બદલ હર્ષ સાથે અભિનંદન અપાયા. જલગામ મહાજન વતીથી દીકરી સંગીતાબેનને વિશેષ શુભેચ્છા આપી અનુમોદના કરાઈ હતી.

# અમદાવાદ રાજનગરીના મુમુક્ષુ અજેશભાઈ પ્રબોધ મુનવરનું કર્મભૂમિ અમદાવાદમાં બહુમાન કરાયું





અમદાવાદ રાજનગરીના પ્રથમ મુમુક્ષુ અજેશભાઈ પ્રબોધ હીરાચંદ મુનવર, કોઠારા કર્મભૂમિ અમદાવાદ ગુજરાતની રાજનગરીમાં તા.૩૧ આક્ટોબર ૨૦૨૧, રવિવારના પધારેલ. શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજનના જ્ઞાતિજનો હર્ષોલ્લાસ સાથે સંગીતના સથવારે શાસનની ગરિમાને ધ્યાનમાં રાખી ભાવપૂર્વક બહુમાન કરાયું.





માતુશ્રી વિજયાબેન લોડાયા દ્વારા રાજ તિલક માતુશ્રી લીલાવંતીબેન ભારાણી દ્વારા શ્રીફળ અપાયું અને પૂનમબે નાગડા, કવિતાબેન લાલકા તથા દીપાબેન લોડાયા દ્વારા માળા પહેરાવી અને નવયુગ યુથના યુવાનો દ્વારા શાલ દ્વારા મુમુક્ષુનું બહુમાન કરવામાં આવેલ.

# વડોદરા સમાજ દ્વારા બોક્સ ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન





તા.૩૧ ઓક્ટોબર રવિવારના દિને શ્રી ક.દ.ઓ.જૈન સમાજ વડોદરા દ્વારા બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. નાના મોટા સૌ જ્ઞાતિજનોએ ઉત્સાહપૂર્વક ટૂર્નામેન્ટનો આનંદ માણ્યો હતો અને ખેલદિલીથી ટૂર્નામેન્ટમાં રમાયેલી ૧૨ લીગ મેચ, ૨ સેમીફાઈનલ એક ફાઈનલ મેચ ઉપરાંત બાળકો માટે રમાયેલી ૧ મેચ મળી કુલ્લ ૧૬ મેચનો લુત્ફ માણ્યો હતો. ફાઈનલ મેચમાં તેરાની રેપીડ ટીમએ વરાડિયાજા વિરલા ટીમને હરાવી ટુર્નામેન્ટ જીતી હતી. રસાકસી ભરી મેચોમાં પોતાના બેટને બોલ દ્વારા ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા ખેલાડીઓમાં સર્વશ્રેષ્ઠ બનનારાઓમાં મેન ઓફ ધ સિરિઝ ભાવિન નાગડા, બેસ્ટ સિનિયર સિટીઝન હિરેનભાઈ શાહ, બેસ્ટ બેટસમેન (ફિમેલ) વર્ષાબેન ધુલ્લા, બેસ્ટ બોલર (ફિમેલ) મિનલબેન લોડાયા, બેસ્ટ બેટસમેન જૈનમ લાલકા, બેસ્ટ બોલર ભવ્ય નાગડા.



બધા જ ટીમ ઓનર સંઘમાતા માતુશ્રી નિર્મલાબેન કુંવરજી લાલકા પરિવાર, શૈલેશભાઈ નાગડા, કેતનભાઈ શાહ, હિરેનભાઈ શાહ, કેયૂરભાઈ લોડાયા, માતુશ્રી ગુણવંતીબેન માણેકજી લોડાયા પરિવાર તેમજ પપી શેઠ, ભાવેશભાઈ, નીશિથભાઈ દંડ, નરેન્દ્રભાઈ મોમાયાનું ક.દ.ઓ.જૈન સમાજ વડોદરાવતીથી ખૂબ ખૂબ અનુમોદના વ્યક્ત કરાઈ હતી.


| જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# સમસ્ત મહાજનની બીદુબી કમિટીના સહયોગથી નવી પહેલ

કોરાનાના લાંબા કપરા કાળની અસર સૌના ધંધા, રોજગાર પર પડી છે. જેને લીધે અનેક પરિવારોને આર્થિક, સામાજિક અસરો થઈ છે. આ સમસ્યાને ધ્યાનમાં લઈને જ્ઞાતિમૈયા સમસ્ત મહાજનની બીદુબી કમિટીના સહયોગથી વ્યવાસિકોને નોકરી ખાલી છે એ જરૂરત પૂરી કરવા અને યોગ્ય ધરાવતા જ્ઞાતિજનોને નોકરી જોઈએ છે એ માટે તક મળી રહે એ માટે બીડું ઝડપી તક પૂરી પાડશે.

તો આ વિભાગનો લાભ મળી રહે એ માટે આપની જરૂરિયાતની વિગત મોકલશો જે આ વિભાગ અંતર્ગત લિંકમાં એટેચડ કરાશે.

**જેમની કંપનીમાં નોકરી ખાલી છે તે લોકો અહીં ક્લીક કરીને આ ફોર્મ ભરે**

**નોકરીની જરૂરિયાત વાળા વ્યક્તિ ક્લીક કરીને આ ફોર્મ ભરે**

# કચ્છના પાટનગર ભુજ સંઘના આંગણે દીક્ષા આમંત્રણ પત્રિકા અને નૂતન ગુરૂમંદિર પ્રતિષ્ઠાની આમંત્રણ પત્રિકાના કંકુ છાંટણા કરાયા





ભુજ નગર સંઘમાં ચિંતામણિ પાર્શ્વનાથ દાદાના દરબારે શ્રી ભુજ અચલગચ્છ જૈન સંઘના સથવારે દેવ વિમાન તુલ્ય નવ નિર્મિત ગુરૂમંદિરમાં દાદાશ્રી કલ્યાણ સાગરસૂરિશ્વરજી મહારાજ આદિ દાદા ગુરૂબિંબોનો પ્રવેશ, ગચ્છાંગણે પ્રાપ્ત પદ પ્રદાન અનુમોદન વધામણા મહોત્સવ સહ પરમ ગુરૂ ગુણોદય ગુરૂ પરંપરામાં વિશ્વ વાલેશ્વર વીર વિભુની વાટે વિચરવા થનગનતા મુમુક્ષુ વંદનકુમાર સુનિલભાઈ કારાણી એવં મુમુક્ષુ અજેશભાઈ પ્રબોધભાઈ હીરાચંદ મુનવરના પ્રવજ્યા પ્રદાનના અવસરે ચતુર્દશાન્હિકા પ્રભુ ભક્તિમય પ્રસંગ પ્રયાગ મહામહોત્સવ સહ ગુરૂબિંબોની પ્રતિષ્ઠા પ્રસંગના ત્ર્યાન્હિકા મહોત્સવની આમંત્રણ પત્રિકાના કંકુ છાંટણા ધનતેરસને તા.૨ નવેમ્બર મંગળવારના ગુરૂ ગુણોદય કૃપાપાત્ર મુનિરાજ શ્રી રાજરત્નસાગરજી મ.સા., મુનિ શ્રી હિતવર્ધનસાગરજી મ.સા., મુનિશ્રી પ્રિયંકરસાગરજી મ.સા., મુનિ શ્રી ભાગ્યોદયસાગરજી મ.સા. આદિ ઠાણા ૯ની નિશ્રામાં ચાલી રહેલ ચાર્તુમાસિક આરાધનાઓ દરમ્યાન થયા.



# શ્રી ક.દ.ઓ.જૈન મહાજન યવતમાલની નૂતન વર્ષે સભા યોજાઈ

તા.૫ નવેમ્બર શુક્રવાર નૂતન વર્ષના દિને શ્રી કેડીઓ જૈન મહાજન યવતમાલની સભા પ્રમુખ વિક્રમભાઈ ધરમશીની અધ્યક્ષતામાં મળી હતી. જેમાં અશ્વિનભાઈ ધરમશી દ્વારા મહારાષ્ટ્ર એકમના કાર્યોની વિગતવાર માહિતી પ્રદાન કરાઈ હતી. મનિષભાઈ ધરમશી દ્વારા શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની બીટુબી કમિટીની ઉપલબ્ધ ઓનલાઈન પ્લેટફોર્મની સવિસ્તર માહિતી તેમજ સંજીવની મેડિકલ કમિટીના કાર્યો, ગ્લોબલ કાર્ડ, સ્વાભિમાન કમિટી દ્વારા સિનિયર સિટીઝન પિકનિક, ગેટ ટુ ગેધર, હોમ સ્ટે વિગેરેની માહિતી આપેલ હતી.

પૂર્વેશભાઈ લોડાયા અને લહેરભાઈ નાગડા દ્વારા લાગા ભરવા અપીલ કરાયેલ એ પછી સૌ એક બીજાને સાલ મુબારક સાથે નવા વર્ષની શુભેચ્છા આપલે કરી અલ્પાહાર લઈ સહુ છૂટા પડ્યાં હતા.

# શ્રી મંજલ રેલડિયા અચલગચ્છ જૈન સંઘની મારાગામમાં મારૂં ઘર અંતર્ગત આદિનાથ આવાસ યોજના

શ્રી મંજલ રેલડિયા અચલગચ્છ જૈન સંઘ દ્વારા દિવાળી શુભેચ્છા અને સંવત ૨૦૭૮ના નૂતન વર્ષાભિનંદન સાથે મારા ગામમાં મારૂં ઘર અંતર્ગત આદિનાથ આવાસ યોજનાની જાહેરાત કરાઈ છે.

સંઘના નેજા હેઠળ આપણા ગામમાં યોગ્ય ઠેકાણે આવાસ યોજનાનું નિર્માણ કરવાની પહેલ આદરેલ છે. જેમાં ગામના ક.દ.ઓ. તથા ક.વી.ઓ.પરિવાર પોતાની માલિકીના ધોરણે વન રૂમ કિચન અથવા વન બેડ હોલ કીચનના રહેઠાણ પડતર ભાવે મેળવી શકશે. જેની વધુ વિગત આગામી ટૂંક આગામી ટૂંક સમયમાં કવીઓ ખબર પત્રિકા તથા કદઓ પ્રકાશ સમીક્ષા દ્વારા જાહેર કરવામાં આવશે.

તદ્ઉપરાંત સ્થાનિકે ભોજનશાળામાં યોગ્ય સ્થળે ફોટો યોજના જેમાં એક ફોટાના રૂા.૬ હજાર તથા ડબલ ફોટાના રૂા.૧૧ હજાર ઠરાવાયેલા છે. આપ વડીલોની સ્મૃતિમાં આ યોજનામાં સામેલ થઈ લાભ લઈ શકો છો. ભોજનશાળાના સુચારૂ સંચાલન વહીવટ માટે ફક્ત રૂા.૨૫૦૦ની તિથિ સાધર્મિક વાત્સલ્યનો લાભ મેળવી પુણ્ય ઉપાર્જન કરશો તેમજ અન્યોને પ્રેરણા કરવાની વિનંતી શ્રી મંજલ રેલડિયા અચલગચ્છ જૈન સંઘની કમિટી દ્વારા કરાઈ છે.

# મુલુંડ વેસ્ટમાં શ્રુતજ્ઞાનના અધિષ્ઠાયિકા દેવી સરસ્વતી માતાની આરાધના ભાવપૂર્વક થઈ





મુલુંડ વેસ્ટમાં પ.પૂ.સાધ્વીજી કલ્પપ્રિયાશ્રીજી મ.સા.ની નિશ્રામાં શ્રુતજ્ઞાનના અધિષ્ઠાયિકા દેવી સરસ્વતી માતાની આરાધના ભક્તિભાવપૂર્વક કરાઈ હતી.

# ભાંડુપના સર્વ જિનાલયો અને પાઠશાળાના કર્મચારીઓ, શિક્ષકોને દિવાળીની વિશેષ ભેટ



શ્રી કેડીઓ જૈન સંઘ, ભાંડુપના ઉપક્રમે પ.પૂ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ની શુભકારી નિશ્રામાં તા.૩૦ નવેમ્બર બુધવારના રોજ ભાંડુપ નગરના ૧૩ જિનાલયો અને જૈન સંઘોના બધા કર્મચારીઓ અને પાઠશાળાના શિક્ષકોને દિવાળી પર્વ નિમિત્તે ભેટ આપી અનુમોદના વ્યક્ત કરવામાં આવી.



# ભાવભીની શ્રદ્ધાંજલિ



**જ્યોત્સના મોમાયા**
તા.૩૧ ઓક્ટો.(ઉ.૫૭)
વારાપધ્ધર-ડોંબિવલી



**લીલાવંતી નાગડા**
તા.૨ નવે. (ઉ.૮૨)
વર્ષામેડી-અંજાર



**અંજના લોડાયા**
તા.૨ નવે. (ઉ.૬૨)
નાનીખાવડી-ચાલીસગામ



**પ્રેમિલા મોમાયા**
તા.૩ નવે. (ઉ.૮૦)
સાંયરા-ડોંબિવલી



**રતિલાલ લોડાયા**
તા.૨૭ ઓક્ટો. (ઉ.૭૭)
કોઠારા-બેંગલોર



**નવિન લાપસીયા**
તા.૩ નવે. (ઉ.૪૭)
દલતુંગી-ડોંબિવલી



**મીના દંડ**
તા.૫ નવે. (ઉ.૫૧)
સાંધવ-ડોંબિવલી



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● છેલ્લા સાડા ત્રણ સદીથી ચાલી આવતી પતરી વિધિ બાબતે ઘણા સમયથી ચાલી આવતા વિવાદમાં જિલ્લા અદાલતે ચુકાદો આપ્યો છે કે કચ્છ ધણિયાણી મા આશાપુરાના મઢ સ્થિત સ્થાનકે પ્રથમ વખત રાજ પરિવારના મોભી રૂએ પરિવારના મહારાણી પ્રીતિદેવી પતરી લેશે. કોઈ મહિલા દ્વારા પતરી વિધિ થાય તેવો કિસ્સો અત્યાર સુધીના ઈતિહાસમાં આ વર્ષથી પ્રથમવાર બનશે. કોર્ટએ ચૂકાદામાં નોંધયું છે કે વર્તમાન સમયમાં સ્ત્રી અને પુરૂષ વચ્ચે કોઈ આવો ભેદ ન હોવો જોઈએ. આ પૂજા મા આશાપુરાની છે અને એક મહિલાને આ પૂજા કરતા રોકવા એ મોટો દાખલો બનશે. અદાલતે રાજવી પરિવારના રીત રિવાજોનો અભ્યાસ કરીને આ ઐતિહાસિક ચુકાદો આપ્યો હોવાનું રાજ પરિવાર દ્વારા જણાવામાં આવ્યું હતું.

● સરકારની ગૂડ ગવર્નન્સની ભાવના હેઠળ કચ્છ જિલ્લા વહીવટીતંત્ર કચ્છ કલેકટર પ્રવીણા ડી.કે. દ્વારા જિલ્લાના નાગરિકોને પોતાના સામાન્ય પ્રશ્નોની રજૂઆત, ફરિયાદ માટે જિલ્લા કક્ષાએ રૂબરૂ આવવું ન પડે તે માટે તેમજ ફરિયાદોના ત્વરિત નિકાલ થકી સરકારી યોજનાઓના ઝડપી પારદર્શક અને સુચારૂ રૂપે અમલીકરણ કરી લોકોને સરળતાથી લાભ મળી રહે તે માટે ફ્રી હેલ્પલાઈનનો પ્રારંભ કરાયો છે. ૧૮૦૦-૨૩૩-૮૬૪૬ આ હેલ્પલાઈન નંબર ઉપર કોઈપણ નાગરિક જિલ્લાની કોઈપણ વિભાગની કચેરીને લગતી રજૂઆત, ફરિયાદ કે સૂચન જાહેર રજાઓના દિવસો સિવાય કચેરી કામકાજના સમય દરમ્યાન નોંધાવી શકશે.

● કચ્છ જિલ્લામાં લેવા પટેલ સમાજના સર્વે સેવા કાર્યો દાતાઓના વિશ્વાસના દિવેલથી ઝગમગી રહ્યા છે. સમાજના સેવા કાર્યોની શગ તેજોમય રહે એવા ભાવ સાથે કચ્છી લેવા પટેલ સમાજ ભુજને નૈરોબી નિવાસી મૂળ બળદિયા ગામના દાનવીર નારણભાઈ મનજી કેરાઈ પરિવાર દ્વારા રૂપિયા દોઢ કરોડના ચેક અપાયો. આ અવસરે દાતા નારાયણ બાપાએ પ્રતિભાવ આપતા કહ્યું કે સમાજ કે સત્સંગ દરેક સેવા કાર્યો કાર્યકરો દ્વારા નિષ્ઠાથી કરાય છે તે વિશ્વાસના રાગના અજવાળે લેવા પટેલ સમાજે સાર્વજનિક મોટા કાર્યો કર્યા છે.

● ડિફેન્સ સેકટરમાં આંગળીને વેઢે ગણાય એટલા સ્વદેશી ઉત્પાદનોમાં પદાર્પણ કરનારી કુંપની ગણી ગાંઠી છે. તાજેતરમાં કચ્છી ઉદ્યોગકારની પારસ ડિફેન્સની ફર્મ પારસ સ્પેસ ટેકનોલોજી લિમિટેડનો આઈપીઓ ૩૦૪ ગણે છલકાઈ ગયો. ૧૭૧ કરોડના ઈસ્યૂ સામે વિક્રમી આડત્રીસ હજાર કરોડની બોલીઓ મળી મૂળ બિદડાના અને બિદડા સર્વોદય હોસ્પિટલના સ્વ.બચુભાઈ રાંભિયાના બંધુ શરદભાઈ વી.શાહ રાંભિયા આ કુંપનીના ચેરમેન છે. ભારે ઈજનેરી ઉત્પાદન અંબરનાથ (જિલ્લા થાણા), સંરક્ષણ સંબંધી ઈલેક્ટ્રિકલ ઓપ્ટિકસ બેગ્લોર ખાતે તથા ઈલેક્ટ્રેનિક ઉત્પાદન હૈદ્રાબાદ ખાતે કરે છે.

● હાલમાં જ વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સમાવેશ કરાયેલ ધોળાવીરા હવે પર્યટન સુવિધા ધરાવવાના પંથે છે. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા અમદાવાદથી ધોળાવીરા માટે એક્સપ્રેસ વોલ્વો બસનો પ્રારંભ થયો છે. સાંજે સાત કલાકે ઉપડી વહેલી સવારે સાડાચાર કલાકે ધોળાવીરા પહોંચશે. આખો દિવસ રોકાઈ સાંજે ૫ વાગ્યે ફરી આ બસ અમદાવાદ જવા ઉપડશે. જેના કારણે જિલ્લા બહારથી આવતા પ્રવાસીઓને પર્યટન સ્થળ જોવાનો પૂરેપૂરો લાભ મળશે. આ ઉપરાંત ભુજથી ધોળાવીરા બસ બપોરે ૩.૩૦ કલાકે ઉપડી સાંજે ૫.૨૫ વાગે પરત ફરવા માટે ત્યાંથી ઉપડશે. અંજાર ધોળાવીરા સવારે ૫.૪૫ કલાકે, ભચાઉ ધોળાવીરા ૬ વાગે અને રાપર ધોળાવીરા બસ બપોરે ૧૩.૪૦ ઉપડશે.


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA